નાની અને મધ્યમ સિંચાઇ યોજનાઓમાં સતત દેખરેખ અને સમીક્ષા (Monitoring & Evaluation ) માટે સમિતિની રચના કરવા બાબત.

ગુજરાત સરકાર
નર્મદા, જળસંપત્તિ અને પાણી પુરવઠા વિભાગ
ઠરાવક્રમાંક:પીઆઇએમ-૧૦૯૯-૧૦૨૬-૧૨૨-સી-૧.ક.૧
સચિવલાય, ગાંધીનગર
તા.૧૬-૬-૨૦૦૧

પુ ર્વ ભુ મિ કા

સિંચાઇ કાર્યક્રમ સફળ થાય તે માટે સિંચાઇ કાર્યક્રમ અંતર્ગત કરવામાં આવતી કામગીરી અને કરવાની થતી કામગીરી તથા તેના પ્રશ્નો વગેરે જાણવા સમજવા માટે કાર્યક્રમનુ મોનીટરીંગ તથા ઇવેલ્યુએશન કરવાનુ જરૂરી જણાય છે.

સિંચાઇ કાર્યક્રમ હેઠળ હ્યાત અને ચાલુ નાની અને મધ્યમસિંચાઇ યોજનાઓનો નાણાંકિય અને ભૌતિક પ્રગતિ માટે બજેટ લક્ષ્યાંકના આંકડાઓ રજુ થાય છે. સિંચાઇ કાર્યક્રમને સફળ બનાવવા માટે જરૂરી સુધારા કરવા માટે નીતિ-વિષયક નિર્ણય લેવા સારુ આ પ્રકારનુ રીપોર્ટીંગ ખાસ ઉપયોગી થતુ નથી. આથી પરિણામલક્ષી રીપોર્ટીંગ થાય અને નીતિ-વિષયક નિર્ણય લેવા માટે સમયાંતરેફીડબેક મળે તે ખાસ જરૂરી છે. આમ, નર્મદા,જળસંપત્તિ અને પાણી પુરવઠા વિભાગની નાની અને મધ્યમ સિંચાઇના કાર્યક્રમ માટે સતત દેખરેખ અને સમીક્ષા (Monitorong & Evaluation) ખુબ જ જરૂરી બાબત છે. સિંચાઇ વ્યવસ્થાઓ ઘણી બાબત સાથે સંકળાયેલ છે.(Multi descplinary) આથી અલગ અલગ ક્ષેત્રના નિષ્ણાંતો ધ્વારા આ કાર્યવાહી થાય તો ચોકકસ સારા પરિણામો મળી શકે. આ ઉપરાંત કાર્યક્રમો હેઠળ વિભાગની સિંચાઇને લગતી રીપોર્ટીંગ સીસ્ટમની સમીક્ષા કરવાની થાય છે અને તે કાર્યવાહી હાથ ધરવાનુ આયોજન કરેલ છે. જેનાથી ચોકકસ ભરોસાપાત્ર અને સમયસરનો ડેટાબેઝ તૈયાર થશે અને સાથે સાથે સમીક્ષા બાબતે પણ ચોકકસ કાર્યક્રમ ઘડવાનું આયોજન થાય તો તે વધુ ફળદાયી બને. આ બધી બાબતો સરકારની સક્રિય વિચારણા હેઠળ હતી.

**ઠ રા વ :**

સરકારની કાળજીપુર્વકની વિચારણાને અંતે હ્યાત અને ચાલુ નાની અને મધ્યમ સિંચાઇ યોજનાના કાર્યક્રમ અંગે સતત દેખરેખ અને સમીક્ષા માટે નીચે મુજબની સમિતિની રચના કરવાનું આથી ઠરાવે છે.

| | | |
|---|---|---|
| ૧) | સચિવશ્રી (જ.સં) સચિવાલય, ગાંધીનગર, | અધ્યક્ષશ્રી |
| ૨) | અધિક સચિવ અને મુખ્ય ઇજનેરશ્રી, મો.સિં. | સભ્યશ્રી |
| ૩) | અધિક સચિવ અને મુખ્ય ઇજનેરશ્રી, ના.અને મ.સિંચાઇ | સભ્યશ્રી |
| ૪) | અધિક સચિવ અને મુખ્ય ઇજનેરશ્રી,(પંચાયત) | સભ્યશ્રી |
| ૫) | અધિક સચિવ અને મુખ્ય ઇજનેરશ્રી,(સૌ) | સભ્યશ્રી |
| ૬) | નિયામકશ્રી (વાલ્મી) આણંદ | સભ્યશ્રી |
| ૭) | નિયામકશ્રી મુલ્યાંકન, ગાંધીનગર | સભ્યશ્રી |
| ૮) | નિયામકશ્રી, ઇરમા, આણંદ | સભ્યશ્રી |
| ૯) | મેનેજીંગ ડીરેકટરશ્રી, જીડબલ્યુઆરડીસી,ગાંધીનગર | સભ્યશ્રી |

૧૦) શ્રી સુદર્શન આયંગર, નિયામકશ્રી, જીઆઇડીસીઆર, ગોતા, સભ્યશ્રી
૧૧) શ્રી અનિલભાઇ શાહ, અધ્યક્ષશ્રી, ડીએસસી,અમદાવાદ, સભ્યશ્રી
૧૨) શ્રી પી.એમ.સોંગી પ્રોફેસર, આઇઆઇએમ,અમદાવાદ, સભ્યશ્રી
૧૩) શ્રી ગોપાલ નાયક, આઇઆઇએમ, અમદાવાદ સભ્યશ્રી
૧૪) શ્રી વિશ્વવલ્લભ, પ્રોફેસર, ઇરમા, આણંદ સભ્યશ્રી
૧૫) શ્રી અપુર્વ ઓઝા, એકેઆરએસપી, અમદાવાદ, સભ્યશ્રી
૧૬) શ્રી અધિક સચિવ અને મુખ્ય ઇજનેરશ્રી,(વિવિ) સભ્યશ્રી
૧૭) શ્રી ખાસ ફરજપરના અધિકારીશ્રી, (વિવિ) સભ્યશ્રી

આ સમિતિની કામગીરી નીચે મુજબ રહેશે.

૧. રાજયની હયાત અને ચાલુ નાની અને મધ્યમ સિંચાઇ યોજનાનુ મોનીટરીંગ રીવ્યુ તથા ઇવેલ્યુએશનની સમીક્ષા કરવાની રહેશે.

૨. સમીક્ષા દરમ્યાન જણાયેલ અવલોનનોને ધ્યાને રાખી હયાત પ્રમાણમાં સુધારા સુચવવા.

૩. યોજના અંગેના અગત્યના પ્રશ્નો કે જેના ઉકેલ માટે સ્થળ, પ્રવાસ અભ્યાસની જરુર હોય તે અંગે અભ્યાસ : Field study : ગોઠવી, આપી પ્રશ્નોના હલ સુચવવા.

૪ વિકાસ કાર્યક્રમ અંતર્ગત યોજનાનુ મોનીટરીંગ તથા વેલ્યુએશન સ્વતંત્ર મુલ્યાંકનકારો ધ્વારા કરવામાં આવે તેનુ સમયાંતરે આ સમિતિ સમીક્ષા કરે.

સમિતિની મુદત ત્રણ વર્ષની રહેશે. તથા સમિતિની બેઠક વર્ષમાં ઓછામાં ઓછી ત્રણ વખત બોલાવવાની રહેશે. બે કેઠક વચ્ચે છ માસથી વધુ સમયગાળો ન રહે તે રીતે બેઠકનું આયોજન કરવાનું રહેશે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

સહી/-

(એમ.કે.મકવાણા)
ખાસ ફરજપરના અધિકારી(વિ.વિ)
નર્મદા અને જળસંપત્તિ અને પા.પુ. વિભાગ